# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **રાજકોટમાં યોજાનારી કચ્છ-સૌરાષ્ટ્રની રિજનલ કોન્ફરન્સમાં વધુને વધુ રોકાણકારોને આકર્ષવા દિલ્હીમાં સંવાદ યોજાયો.**
2. **લોકરક્ષકની પરીક્ષામાં 11 હજાર 899 ઉમેદવારો ઉત્તિર્ણ થયા.**
3. **મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ - અંતર્ગત રાજ્યની તમામ 182 વિધાનસભા મતવિસ્તારમાં ગણતરીના તબક્કાની 100 ટકા કામગીરી પૂર્ણ**
4. **મોરબીમાં સાયબર ફ્રોડના કેસમાં છ આરોપીઓને ઝડપી લેવાયા.**
5. **અમદાવાદ એરપોર્ટ પરથી ઉડ્ડયનોની સ્થિતિ ધીમેધીમે સામાન્ય બની રહી છે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# VGRC

આગામી 10થી 12 જાન્યુઆરી દરમિયાન કચ્છ-સૌરાષ્ટ્ર વિસ્તારની રિજનલ કોન્ફરન્સ રાજકોટમાં યોજાશે. વધુને વધુ રોકાણકારો આ પરિષદમાં ભાગ લઇને રાજ્યમાં વધુને વધુ રોકાણ માટે પ્રેરાય તેવા આશય સાથે વી.જી.આર.સી.ના પ્રચાર માટે ગઇકાલે દિલ્હીમાં સંવાદ યોજાયો હતો.

આ વાર્તાલાપમાં રશિયા – કેનેડા - સિંગાપોર સહિત ૨૦થી વધુ દેશોના મિશન અને રાજદુતાવાસના પ્રતિનિધિઓ સહભાગી થયા હતા. મત્સ્ય ઉદ્યોગ, બંદર વિકાસ,ધોલેરા એસ.આઈ.આર., પ્રવાસન જેવા ક્ષેત્રોમાં સહયોગ માટેની તકો પર સંવાદ યોજાયો હતો. પ્રાદેશિક આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્વાકાંક્ષાઓ સહિતના આર્થિક ક્ષેત્રના વિવિધ પાસાંઓની ચર્ચાની સાથેસાથે ગુજરાતની વિશેષતાઓ આ સંવાદ સત્રમાં પ્રસ્તુત કરવામાં આવી હતી.

આ સંવાદમાં રશિયા, ઇઝરાયલ, સિંગાપોર, યુ.એ.ઈ., ઇન્ડોનેશિયા, ન્યુઝીલેન્ડ, ફિનલેન્ડ, કેનેડા, શ્રીલંકા, ઓમાન, આઇસલેન્ડ, ગુયાના, રવાન્ડા, સાઉથ આફ્રિકા, કતાર, તાંઝાનિયા, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન સહિત 20 થી વધુ દેશોના વિદેશી મિશન અને દૂતાવાસોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

---

# CM SURAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સુરતની મુલાકાતે જશે. જ્યાં તેઓ વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આજે સવારે સવા દસ કલાકે સુરતના ડુંભાલમાં ગુજરાતના સૌપ્રથમ એલિવેટેડ નવનિર્મિત માર્કેટયાર્ડનું લોકાર્પણ કરશે

જ્યારે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સની 116મી કારોબારી મીટીંગમાં હાજરી આપશે.બપોરે વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

---

# POLICE LOK RAKSHAK BHARTI

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષકનું આખરી પરિણામ જાહેર કરી દેવાયું છે. ગુજરાત પોલીસની વર્તમાન ભરતીની આખરી પસંદગી યાદી જાહેર કરી દેવાઇ છે. આ ભરતી માટે ઉત્તીર્ણ થયેલા અગિયાર હજાર 899 ઉમેદવારોની યાદી જાહેર કરી દેવાઇ છે.

લોકરક્ષક ભરતીમાં આઠ હજાર 782 પુરુષ ઉમેદવારો જ્યારે મહિલા લોકરક્ષકમાં ત્રણ હજાર 117 ઉમેદવારો ઉત્તીર્ણ થયા છે. આ ભરતી માટે રાજ્યમાં 382 ઉમેદવારોએ પોતાની ઉમેદવારી જતી કરી છે.

મુખ્ય સચિવ, રાજ્ય પોલીસ વડા સહિત અધિકારીઓ ને આ ઉત્તીર્ણ યાદી સુપ્રત કરાઈ છે. વર્ષ 2024ની ભરતીમાં 10 લાખ 73 ઉમેદવારો શારિરીક પરીક્ષા તો બે લાખ 47 લાખ ઉમેદવારોએ લેખિત પરિક્ષા આપી હતી.

---

# SIR

મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ - **SIR** અંતર્ગત રાજ્યની તમામ **182** વિધાનસભા મતવિસ્તારમાં ગણતરીના તબક્કાની **100** ટકા કામગીરી પૂર્ણ થઈ ચુકી છે. વિધાનસભા બેઠક દીઠ દરેક **BLO** દ્વારા **BLA** સાથે મિટિંગ કરીને તૈયાર કરાયેલી ગેરહાજર/સ્થળાંતરિત/મૃતક મતદારોની યાદી તૈયાર કરવામાં આવી છે.

આ યાદી કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીઓ તથા મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ પર પણ પ્રદર્શિત કરવામાં આવી છે.

ગેરહાજર, સ્થળાંતરિત અથવા **ASD** યાદીમાં નામ હોય તેવા મતદારો ફોર્મ નં **6** ભરીને મતદારયાદીમાં નામ સામેલ કરાવી શકશે. **ASD** યાદીમાં નામ ન હોય તેવા મતદારો વિગતોમાં સુધારા માટે ફોર્મ નં **8** ભરી **BLO**ને આપી શકશે.

---

# MORBI CYBER FRAUD ARREST

મોરબીમાં સાયબર ફ્રોડની ચાર ફરિયાદ નોંધાઇ છે. અલગ અલગ **15** ઈસમો વિરુદ્ધ ચાર ફરિયાદ નોંધાઈ છે. જેમાંથી છને ઝડપી લેવામાં સફળતા મળી છે. બેંક ખાતામાંથી લાખો રૂપિયા ઉપાડી લેવાના ગુનામાં છ ઝડપાયા હોવાની માહિતી મોરબીના ડીવાયએસપી વિરલ દલવાડીએ કહ્યું હતું.

## બાઈટ : વિરલ દલવાડી, DYSP મોરબી

---

# LOK ADALAT

આજે યોજાનાર લોક અદાલતમાં 5 લાખથી વધુ કેસનું નિરાકરણ કરાશે.

ચાલુ વર્ષની ચોથી અને અંતિમ લોક અદાલતમાં આજે અમદાવાદના એક લાખ 85 હજાર સહિત રાજ્યના 5 લાખ કેસનું નિરાકરણ કરવામાં આવશે.

---

# TAX COLLECTION

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે નગરપાલિકા દ્વારા વેરા વસુલાતની કામગીરી પૂરજોશમાં શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં સરેરાશ **66** ટકા જેટલી વેરા વસુલાતની કામગીરી પૂર્ણ કરવામાં છે.

સરકાર દ્વારા દસ ટકા રીબેટ આપવામાં આવે છે , ચાલુ વર્ષે મોડાસા નગરપાલિકાનું કુલ માંગણું સરેરાશ **7** કરોડ જેટલું છે, જેની સામે **4.65** કરો જેટલું વસૂલવામાં આવ્યું છે. આ સાથે જ છેલ્લા વર્ષ કરતા વધુનો વેરો બાકી હોય , તો ભરી જવા માટે અપીલ કરવામાં આવી છે.

માર્ચ સુધીમાં વેરો નહીં ભરનાર મિલકત ધારકો સામે કાર્યવાહી કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## બાઈટ : ભદ્રેશ પટેલ, ચીફ ઓફિસર

---

# INDIGO DISRUPTION

અમદાવાદ એરપોર્ટ પરથી ઇન્ડિગોના ઇફ્ડયનોમાં અનિયમિતતાની સ્થિતિ સામાન્ય થઇ રહી છે. ગઇકાલે સાંજે ચાર વાગ્યા સુધીમાં તમામ ફ્લાઇટનું સમયસર ઉફ્ડયન થયું હતું. ગઇકાલે સાંજે ચાર વાગ્યા સુધીમાં એક પણ ફ્લાઇટ રદ થયા વિના 41નું આગમન અને 47 ફ્લાઇટે ઉફ્ડયન કર્યું હતું.. અમદાવાદ એરપોર્ટ પર કોઇ અનિયમિતતા વિના કામકાજ ચાલી રહ્યું છે.

---

# ARAVLLI CANEL WATER

અરવલ્લી જિલ્લાના વિવિધ જળાશયોમાંથી સિંચાઈ વિભાગ દ્વારા સિંચાઈનું પાણી કેનાલ મારફતે છોડવામાં આવ્યું છે. બટાકા, ઘઉં સહિતના પાકોને સિંચાઈનું પાણી મળી રહે તે માટે પ્રથમ તબક્કાનું સિંચાઈનું પાણી છોડવામાં આવ્યું છે.

આ અંગે અરવલ્લી જિલ્લા સિંચાઈ વિભાગના મદદનીશ ઇજનેર એમ.ઝેડ મન્સૂરીએ જણાવ્યું હતું કે, માલપુરના વાત્રક જળાશયની ડાબા અને જમણા કાંઠાની કેનાલ મારફતે સિંચાઈનું પાણી છોડવામાં આવી રહ્યું છે.આ સાથે જ માઝમ અને મેશ્વો જળાશયમાંથી પ્રથમ પાણી પૂર્ણ થયું છે અને બીજું પાણી આગામી સપ્તાહે છોડવામાં આવશે.

---

# WRESTLING CHAMPIONSHIP

સિનિયર નેશનલ રેસલિંગ ચેમ્પિયનશિપ 2025 ગઇકાલે અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે શરૂ થઈ હતી. જેમાં દેશભરના 29 રાજ્યોના આશરે 800 પુરુષ અને મહિલા કુસ્તીબાજોએ તેમના કોચ સાથે ભાગ લીધો છે. આ અંગે ભારતીય કુશ્તી સંઘના અધ્યક્ષ સંજય સિંઘે વધુ માહિતી આપી.

## બાઇટ : સંજય સિંઘ, ભારતીય કુશ્તી સંઘ

---

# KAUSHIK VEKARIYA - AMRELI

અમરેલી જિલ્લાના બગસરા ખાતે રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને અંદાજે કુલ 23 કરોડના વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે રાજ્યમંત્રીએ જણાવ્યું કે , "સતત અને અવિરત વિકાસ" રાજ્ય સરકારનું એકમાત્ર લક્ષ્યાંક છે.

---

# TENNIS PRIMER LEAGE

અમદાવાદમાં ટેનિસ પ્રમિયર લિગ ચાલી રહી છે. આ તેની સાતમી સિઝન છે. ગુજરાત યુનિવર્સિટીના સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે તેનું આયોજન થઇ રહ્યું છે. ટીપીએલની ટીમોના માલિક પણ ઉત્સાહિત છે. ચેન્નાઇની ટીમના માલિક અભિનેત્રી સોનાલી બેન્દ્રેએ આશા વ્યક્ત કરી હતી ટીપીએલ લાંબો સમય ચાલે .

## બાઇટ - સોનાલી બેન્દ્રે, માલિક, ચેન્નાઇ

---

# VALSAD

વલસાડ ગુંદલાવ ખેરગામ રોડ પર હાઈ લેવલ બ્રિજની કામગીરી દરમિયાન બ્રિજ ઉપર સ્ટેજીંગ નમી જવાનો બનાવ બનતા માર્ગ અને મકાન પેટા વિભાગ - વલસાડ દ્વારા ઈજારદારને ખુલાસો કરવા તાકીદ કરવામાં આવી હતી.

**હાઈ લેવલ બ્રિજની કામગીરી દરમિયાન બ્રિજ ઉપર સ્ટેજીંગ નમી જવાની ઘટનામાં હાજર 5 શ્રમિકોને ઇજા પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. આ બનાવમાં કોઇ જાનહાનિ થઈ નથી.**

**ઉલ્લેખનીય છે કે , ઇજારદાર દ્વારા વધુ ઈજાગ્રસ્ત શ્રમિકને બે લાખ તથા સામાન્ય ઈજાગ્રસ્ત શ્રમિકોને એક લાખનું વળતર સ્વખર્ચે અપાયું છે.**

---

## SURAT - ANGDAN

**સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં એક બ્રેઈનડેડ વ્યક્તિના અંગદાનથી હોસ્પિટલમાં અંગદાનની સંખ્યા 87 થઈ છે. આ અંગદાનથી બે કિડનીનું દાન મળતા બે જરૂરિયાતમંદોને નવજીવન મળશે.**

**ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના 46 વર્ષીય બ્રેઈનડેડ જીતેન્દ્ર ગાવીતને માથામાં ગંભીર ઈજા થઈ હતી અને ICUમાં સઘન સારવાર બાદ તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા.**

---

# FOOD SAFETY ABHIYAAN -TAPI

તાપી જિલ્લાના વિવિધ પ્રવાસન અને યાત્રાધામ વિસ્તારોમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સુનિશ્ચિત થાય તે હેતુથી ફૂડ સેફટી વિભાગ દ્વારા વિશાળ સ્તરે તપાસ અભિયાન હાથ ધરાયું હતું. જેમાં કચેરીના ફૂડ સેફટી ઓફિસર તથા ટીમ દ્વારા આબાપાણી ઇકો ટૂરીઝમ , પદમડુંગરી, ગોવાળદેવ મંદિર , ડોસવાડા ડેમ , તથા સોનગઢ કિલ્લા સહિતના સ્થળોએ ચકાસણી કરવામાં આવી હતી.

આ વિસ્તારોમાં આવેલી દુકાનો, લારીઓ, ગલ્લા તથા ફેરિયાઓ દ્વારા વેચાતા ખાદ્ય પદાર્થોની સ્થળ પર જ તપાસ કરી હાઇજીનિક સ્થિતિ , ગુણવત્તા તથા સલામતી ધોરણ અંગે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

---